હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ભગવાન...આ વખતે તમારે તંત્રનો આભાર માનવા જવુ પડશે... તમારી મૂર્તિ પરનાં નિયત્રણો હળવા કરી આપ્યા છે...!!!

મુસ્લિમ બિરાદરોના મોટા તહેવારો પૈકીના એક ઈદ ઉલ અજદાની ઉજવણી શહેરમાં ઉલ્લાસભેર વાતાવરણમાં પૂર્ણ થઈ. વહેલી સવારે શહેરની વિવિધ મસ્જીદોમાં ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી. ત્યારબાદ મુસ્લિમ બિરાદરો સગા-સંબંધીઓ અને મિત્રોને ઈદની શુભકામનાઓ પાઠવવા એકબીજાના ઘરે જતા જોવા મળ્યા. દિવસ દરમ્યાન વિશેષ પ્રાર્થનાઓનું આયોજન પણ ઘણા સ્થળોએ થયુ હતુ. એકબીજાને મળીને ભેટ આપવાનો સીલસીલો પણ આખો દિવસ ચાલુ રહ્યો હતો.

કલોલ બારોટ વાસમાં ચાલતા જુગારધામ પર એલસીબી પોલીસ ત્રાટકી : ૧૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

કલોલ શહેરના બારોટ વાસમાં આવેલા મકાનમાં ચાલતા જુગારધામ પર એલસીબી પોલીસે ત્રાટકીને ૧૬ ખેલીઓને પકડી પાડ્યા હતા. જયારે જુગારધામના મુખ્ય સંચાલક સામે ગુનો નોંધી પોલીસે રોકડ રૂ.૬૭,૨૮૦ તેમજ મોબાઈલ નંગ-૧૪ કિં.૪૪,૫૦૦ મળી કુલ રૂ.૧,૧૧,૭૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલીસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ તેમજ જવાનો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે હે.કો.વિજયસિંહ નવલસિંહ અને કોન્સ્ટેબલ ગોવિંદભાઈ કનુભાઈ ને બાતમી મળી હતી કે નિમેશ મહેન્દ્રભાઈ બારોટ તેમજ મદનલાલ ભવાનભાઈ રાજપુત બંન્ને ભેગા મળીને કલોલ બારોટવાસ ખાતે રહેણાંક મકાનમાં જુગારધામ ચલાવે છે. આ જુગારધામ પર બહારથી જુગાર રમવા માટે ખેલીઓ આવે છે. ત્યારે એલસીબી પોલીસે રેઈડ પાડતા મકાનની અંદર જુગાર રમી રહેલા મદનલાલ ભવાનભાઈ રાજપુત (ઉં.૬૧, રહે.મકાન નં.૧૪ સૃષ્ટિ રેસી.બોરીસણા ચોકડી તા કલોલ), રાજુજી કાળાજી ઠાકોર (રહે, અભુજીનુ પરૂ ગાયત્રી મંદિરની પાછળ કલોલ), ચેતન રમેશ શેઠ (રહે. મકાન નં.૬૦૩ વિનાયક સોસા.પંચવટી કલોલ), રમેશભાઈ ગણપતભાઈ બારોટ (રહે. મકાન નં.૭ સુંદરમ રો હાઉસ હાઈવે રોડ કલોલ), પારસભાઈ હસમુખભાઈ દેસાઈ (રહે. મેઘા એપા.રઘુનાથ સ્કુલ, બાપુનગર), રાજેન્દ્રસિંહ ધનાજી વાઘેલા (કાકાનો માઢ ગામ

કોલવડા), શિવરાવ વલ્લભરાવ (ઉં.૪૬, રહે. ઈફકો ટાઉનશીપ શેરથા), સલાઉદીન અબ્દુલ કરીમ શેખ (રહે. અમીન રો હાઉસ સરખેજ અમદાવાદ), ભરતબાઈ નેનજીબાઈ ઠાકોર (રહે.લીંબડી વાસ શીલજ ગામ અમદાવાદ), પ્રહલાદભાઈ આત્મારામ રાવળ (રહે. રઘુવીર સોસાયટી કલોલ), મુકેશ શાંતિલાલ જાની (રહે. ઘનશ્યામ પાર્ક સોસાયટી વિભાગ-૨ ગાયત્રીમંદિર પાસેમહેસાણા), જગદીશભાઈ શંકરભાઈ વજીર (રહે. રાજુ એમ્પોરીયમની સામે લીલીતલાવડી કલોલ), સોહનસીંગ ડુંગરસિંગ રાજપુત (રહે. શેઠવાસ પાંચ હાટડી બજાર કલોલ), હિતેશ બાબુલાલ શાહ (રહે. પ્લોટ નં. અંબાજીમાતાનો વાસ જુના ચોરા પાસે કલોલ), મહેન્દ્ર ગંગારામ પરમાર(રહે. ૮-૫ છ ટાઈપ સેકટર-૧૬ ગાંધીનગર), જીતેન્દ્રસિંહ દીપુજી ચાવડા (રહે. વચલો વાસ ગામ પઢારીયા) ને પકડી પાડ્યા હતા.પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૧.૧૧.૭૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે બારોટવાસમાં જુગારધામ મદનલાલ રાજપુત અને નિમેશ ઉર્ફે નિમુ બારોટ ચલાવતા હોવાનું જાણવા મળ્યું છે.જયારે નિમુ બારોટને પકડવા માટે પોલીસે તજવીજ હાથ ધરી છે.

પંચાયતી રાજના જન પ્રતિનિધિઓની સભામાં ૧૧/૦૩/૨૦૨૨ના રોજ GMDC ગ્રાઉન્ડ ખાતે આદરણીય પ્રધાન મંત્રીશ નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ સૂચન અનુસંધાનમાં નવા કોબા પગાર કેન્દ્ર શાળા ખાતે શાળાના ૮૨માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારી અર્ચનાબેન પ્રજાપતિ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ, દંડક તેજલબેન, કોર્પોરેટર પોપટ સિંહ, મીરાબેન, યોગેશભાઈ નાઈ, યોગેશભાઈ પટેલ, મનીષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ કરવા બદલ શાળાના સંચાલક ગણ, વાલીઓ, વિધાર્થીઓ અને દાતાઓને અભિનંદન આપી ઉજ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

સાદરા સંકુલના કન્યા છાત્રાલયની પ્રાર્થના સભામાં વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

મહાત્મા ગાંધી સ્થાપિત આશ્રમોમાં નિત્ય ત્રણ પ્રાર્થના સભાઓ સવાર-બપોર-સાંજ કરવામાં આવે છે. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના પણ મહાત્મા ગાંધીએ કરેલી છે ત્યારે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના કન્યા છાત્રાલયની સાંજની પ્રાર્થનામાં બી.એ, એમ.એ.નો અભ્યાસ કરતી છાત્ર નિવાસી વિદ્યાર્થિનીઓને સંકુલમાં ઉભી કરવામાં આવેલી વ્યવસ્થાની જાણકારી સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ અને ગોવાળ જીવણભાઈ રબારી દ્વારા આપવામાં આવી. જેમાં વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ જળ ટાંકા વિશે, ખંભાતી કૂવા વિશે, ગૌશાળામાં વધુમાં વધુ દૂધ આપતી દર્પણ ગાય (દૈનિક ૨૦ લીટર) વિશે માહિતી આપતો ટૂંકો વાર્તાલાપ કર્યો. કન્યા છાત્રાલયની સાંજની પ્રાર્થના સભાની ગીતગૂંજન ટૂકડીએ ઢોલક-ખંજરીના તાલે સુંદર ગીત-ભજન ગાઈ સાદરા સંકુલના કન્યા છાત્રાલયની પ્રાર્થના સભા માહિતીસભર પુરી થઈ જેમાં ગૃહમાતા વસંતી પરમાર અને સ્મિતા ગામીતે વ્યવસ્થાઓ ગોઠવી.

સેકટર-૬ બી માં મકાન પચાવી પાડનાર દિયર સામે ભાભીએ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૬ બી ખાતે પતિએ રાખેલુ મકાન દિયરને રહેવા માટે આપ્યું હતું. પરંતુ પતિના અવસાન બાદ દિયરે મકાન પચાવી પાડતા ભાભીએ દિયર અશોક ખત્રી સામે લેન્ડ ગ્રેબીગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વડોદરાના વાઘોડીયા માર્ગ પર આવેલા સુગમપાર્ક ખાતે રહેતા કૌશલ્યાબેન પતિ પ્રવિણભાઈ ખત્રી એસબીઆઈ બેંકમાં નોકરી કરતા હતા. વર્ષ ૧૯૯૭માં સેકટર-૬ બી પ્લોટ નં.૬૧૪-૨ ૯૦ મીટરનું મકાન અમદાવાદના ગોવિંદ દાતણીયા પાસેથી ખરીદ્યું હતું.તે સમયે પ્રવિણભાઈ અમરેલીના ચલાલા ખાતે નોકરી કરતા હોવાથી પરિવારના સભ્યો પણ ત્યાં જ રહેતા હતા. જેથી પ્રવિણભાઈએ પોતાનુ મકાન ભાઈ અશોક ખત્રીને રહેવા માટે આપ્યું હતું. મકાનનુ જરુરી પ્રિમિયમ ભરીને ગોવિંદભાઈ ને રૂ.૪.૯૭ લાખ આપી મકાનનો દસ્તાવેજ કૌશલ્યાબેનના નામે કર્યો હતો. તે સમયે દિયર અશોકભાઈ ઘરમાં રહેતા હતા.

ત્યારબાદ મકાનની ઉપર માળ બાંધવા માટે પણ પ્રવિણભાઈએ અશોકના ખાતામાં ટુકડે ટુકડે રૂપીયા જમા કરાવ્યા હતા. જેને પગલે અશોકભાઈએ ઉપરના માળે મકાનનું બાંધકામ કરાવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં પ્રવિણભાઈનું અચાનક અવસાન થતા ગાંધીનગર રહેવા માટે આવી ગયા હતા. જેથી અશોકભાઈને મકાન ખાલી કરવાનું કહ્યું હતું.પરંતુ અશોક ખત્રીએ મકાન મારુ છે તેમ કહી ઘર ખાલી કરવાની ના પાડી હતી. જેથી કૌશલ્યાબેન દ્વારા ગાંધીનગર કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જેને કોર્ટે ખારીજ કર્યો હતો. ત્યારપછી સિવિલ કોર્ટમાં પણ દાવો કર્યો છે, જે હાલમાં પડતર છે. ત્યારે કૌશલ્યાબેને ગાંધીનગર જિલ્લા કલેકટરને પણ લેન્ડ ગ્રેબીગ એકટ હેઠળ ફરીયાદ નોંધવા અરજી કરી હતી. અરજીની તપાસ બાદ જિલ્લા કલેકટર દ્વારા અશોક ખત્રી સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરની મહિલા સાથે કુરીયરના નામે રૂ.૭૫ હજારની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરની મહિલા સાથે કુરીયરના નામે ઓનલાઈન રૂ.૭૫ હજારની છેતરપિંડી થવા પામી છે. કુરીયર કર્મચારી તરીકે ખોટી ઓળખ આપી કુરીયર મોકલી આપવા માટે લીંક મોકલી હતી.ત્યારબાદ ડેબીટ કાર્ડની માહિતી મેળવી લઈ ઠગે રૂ.૭૫ હજારની ઓનલાઈન છેતરપિંડી આચરતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧ ખાતે ૫૮ વર્ષિય મહિલા પતિ સાથે નિવૃત જીવન પસાર કરી રહ્યા છે. ગત તા.૬ જુલાઈના રોજ સવારના પોણા નવ વાગ્યાના અરસામાં મહિલા ઘરે હાજર હતા. તે સમયે અમેરીકા રહેતા દિકરાને માલસામાન મોકલવા માટે ગુગલ દ્વારા કુરીયરનો નંબર મેળવ્યો હતો.ત્યારબાદ નંબર પર વાતચીત કરતા સામેવાળા યુવકે કુરીયર સર્વિસના કર્મચારી તરીકે ઓળખ આપી ટેક્ષ મેસેજ દ્વારા લીંક મોકલી હતી. જે લીંકમાં માહિતી ભરવા માટે જણાવ્યું હતું. જેથી બેંક એકાઉન્ટના ડેબીટકાર્ડના આગળના આંક તેમજ પાછળના સીવીસી નંબરના ચાર આંકડાની વિગત ભરી હતી. આ વિગત ભરતા જ મહિલાના એકાઉન્ટમાંથી ત્રણ ટ્રાન્જેકશન દ્વારા રૂ.૭૫ હજાર ઉપડી ગયા હતા.જેથી મહિલાને પોતે છેતરાયા હોવાની જાણ થતા ડેબીટ કાર્ડ બ્લોક કરાવી દીધુ હતુ. જયારે બનાવ અંગે મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

● જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશન દ્વારા આજે વિશ્વ જનસંખ્યા દિન નિમિત્તે પ્રદેશ અધ્યક્ષ વિનોદ ઉદેચા, વિજય ત્રિવેદીના નેતૃત્વમાં કલેક્ટરને મળી જનસંખ્યા નિયંત્રણ કાયદો અમલમાં લાવવા આવેદન પત્ર આપશે.

● આજે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંગે આરોગ્યતંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે.

● કેન્દ્રીય ચૂંટણીપંચની ઉચ્ચસ્તરીય ટીમ આજે ગુજરાત આવવાની હતી પરંતુ છેલ્લી ઘડીએ આ ટીમનો પ્રવાસ રદ કરાયો છે.

● માતુલ્ય વુમેન્સ હોસ્પિટલ કુડાસણ અને શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આજે સે. ૨૮ ખાતે કોરોના અંગે મેઘા વેક્સીનેશન કેમ્પ યોજાયો હતો જેમાં ૩૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજથી ચાતુર્માસનો આરંભ થતાં જ ભક્તિનો માહોલ જામ્યો છે.

● જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય વ્યાપ્યુ છે.

● ગાંધીનગરમાં લંગડા કેરીનું આગમન થયુ છે. જો કે તેનો ભાવ ૧૦૦ રૂ. કિલો હોવાથી તેની બહુ ઘરાકી જામી નથી.

● વોર્ડ નં. ૫ માં વંદે ગુજરાત વિકાસ યાત્રા આવી રહી હોવાથી સે. ૨૨ અને સે. ૨૧માં આ અંગે રિક્ષા ફેરવી પ્રચાર કરવામાં આવ્યો હતો. સે. ૨૧માં ડાયરો યોજાશે. જયારે સે. ૨૨માં આરોગ્ય મેળો યોજાશે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે દહેગામ વિધાનસભા અને ગાંધીનગર (દ) બેઠકના કાર્યકરોની બેઠક ગિયોડ ખાતે ઉત્તર ગુજરાતના પ્રભારી વિરેન્દ્ર રાઠોડ અને ડૉ. સી.જે. ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયુ હતુ.

● ગાંધીનગર શહેરની મીઠાઈની દુકાનોમાં ગૌરીવ્રતની ખરીદી માટે ભીડ જામી છે.

આજે પ્રજાપતિ સમાજની રાજકિય ચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૧૦

પ્રજાપતિ સમાજની રાજકીય ચિંતન શિબિરનું આયોજન ૧૧ જુલાઈના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી વરિયા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટ, વસંત કુંવરબા કન્યા વિદ્યાલયની સામે, સે. ૨૮ ખાતે યોજાશે.

પહેલા વરસાદ ની રમઝટ અને એક અલૌકિક વાતાવરણ ની માનવી મઝા નહિ માણે તો બીજુ કોણ માણસે? નાની નાની દીકરીઓ નાના નાના હાથ થી સરસ મજાનું નાનું ખેતર જેવું બનાવે અને ચારે ખૂણે જાર ના સાંઠા રોપી કંકુ ચાલ્લા થી પૂજા કરે સાથે ઉપવાસ પણ રાખે.ગૌરી વ્રત નો મહિમા અનોખો છે.

સેકટર-૭ વિસ્તારમાંથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી થયેલા બાઈક સાથે એક શખ્સને ઝડપી પાડી સેકટર-૭ પોલીસે રૂ.૧૫ હજારનું બાઈક કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એચ.એ.સોલંકી તેમજ સ્ટાફના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ અને રવિકુમાર બાબુભાઈને ચોકકસ બાતમી મળી હતી કે વિનોદભાઈ છોટુભાઈ તરક (ઉં.૩૦) (રહે. મુલચંદ પાર્ક સોસાયટી પેથાપુર) ને

ચોરીમાં ગયેલા પેશન પ્રો નંબર જી.જે.૦૧.પી.જે.-૦૧૧૬ કિં.રૂ.૧૫ હજાર સાથે પકડી પોકેટકોપ તેમજ ઈ ગુજકોપની મદદથી મુદ્દામાલ રીકવર કરી આગળની તપાસ હાથ ધરી છે.

વાસણ મહાદેવ ગામની સીમમાંથી રૂ.૨.૬૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

વાસણ મહાદેવ ગામે વિહોલના બોરની પાસે ખરાબાની જમીનમાંથી પેથાપુર પોલીસે રૂ.૨.૬૪ લાખનો વિદેશી દારુનો જથ્થો પેથાપુર પોલીસે ઝડપી પાડી નિતેશસિંહ વિહોલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ અને ડીવાયએસપી એમ.કે.રાણા દ્વારા ગાંધીનગર અને પેથાપુર પોલીસ મથક વિસ્તારમાંથી પ્રોહિબિશન અને જુગારના કેસ શોધી કાઢી તેના પર અંકુશ લાવી સફળ કામગીરી કરવા સુચના આપી હતી. જેને પગલે પેથાપુર

પોલીસ મથકના જવાનો ઉનાવા આઉટપોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે વાસણ મહાદેવ ગામે મહાદેવજીના મંદિર સામે આવતા કોન્સ્ટેબલ જયપાલસિંહ અને રમેશસિંહને સંયુકત બાતમી મળી હતી કે વાસણ મહાદેવ વિહોલના બોર ખાતે રહેતા નિતેશસિંહ જશુજી જુગાજી વિહોલે પોતાના ઘરની નજીક આવેલા ખરાબામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી છુટકમાં વેચાણ કરે છે. જેને પગલે પોલીસે નિતેશસિંહ વિહોલના ઘરે પહોંચી તપાસ કરતા ઘરે મળી આવ્યા ન હતા. જયારે ઘરની નજીકમાં આવેલા ખરાબામાં તપાસ કરતા તેના ઘરથી થોડે દુર સુધી ખેલાયેલા ખરાબામાં આવેલ એક ખાડામાં મીણીયુ હટાવી તેની નીચે જોતા વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી કુલ રૂ.૨.૬૪ લાખના મુદ્દામાલ પકડી પાડી વોન્ટેડ આરોપી નિતેશસિંહ વિહોલ ને પકડવા માટે ચકો ગતિમાન કર્યા છે.

જે એમ ચૌધરીના ખેલાડીઓનું ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન

વંદે ગુજરાત વિકાસ યાત્રા રથ ના પ્રસ્થાન ના કાર્યક્રમમા ગૃહ મંત્રી હર્ષ સંઘવી ના હસ્તે ફેન્સિંગ રમત મા નેશનલ મેડલ પ્રાપ્ત કરનાર જે એમ ચૌધરી સ્કૂલ ના ખેલાડીઓ બારડ વંદિતા અને પટેલ અર્ચિતા નુ સન્માન કરવામાં આવ્યુ હતું . આ પ્રસંગે શાળાના આચાર્યા બેન રમીલાબેન ચૌધરી તથા સમગ્ર શાળા પરિવાર બંન્ને દીકરીઓને અભિનંદન પાઠવ્યા હતા.

દશેલા ગામના પુસ્તક પ્રેમી શિક્ષક રાજુભાઈ પટેલ દ્વારા પુસ્તક પરબમાં

પુસ્તક જ્ઞાનની પરબ છે સિદ્ધ કરતાં દશેલાના વાંચકો

ચિલોડા, તા. ૧૦

દશેલા ગામના ખૂબ ઉત્સાહી અને પુસ્તકપ્રેમી પ્રાથમિક શિક્ષક રાજુભાઈ પટેલ દ્વારા ૧૦મી જાન્યુઆરી-૨૦૨૦એ ૫૦ પુસ્તકોથી શરૂ કરેલી પુસ્તક પરબમાં આશરે ૫૦૦થી વધારે પુસ્તકો છે.

જેમાં વાંચન રસિકો વિવિધ દાતાઓએ દાનમાં આપેલા ધાર્મિક, બાળ સાહિત્ય ફિલોસોફી અને સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પુસ્તકોનો સમાવેશ થાય છે. દશેલા ગામના પ વાચકોથી શરૂ થયેલી આ પુસ્તક પરબના આજે દશેલા, ગિયોડ, ધરમપુર, હરિપુરા જેવા આસપાસના ગામોના આશરે ૧૦૦થી વધુ વાચકો સભ્યો બન્યા છે. જેઓ દર મહિનાના પહેલા રવિવારે પોતાની પસંદગીના પુસ્તકો નિઃશુલ્ક વાંચવા માટે ઘરે લઈ જાય છે. જ્ઞાન પ્રાપ્તિનું સર્વશ્રેષ્ઠ સાધન જ પુસ્તક છે. પુસ્તક એ મનુષ્યને પરમ શ્રેષ્ઠ અને ઉત્તમ મિત્ર છે. મિત્રોની જેમ પુસ્તકો ઘડતર અને પ્રભાવ પાડે છે. એક આદર્શ મિત્રની ગરજ સારે છે. ઉત્તમ પુસ્તક સુખ-દુઃખમાં સાથ-સાંત્વના આપે છે. પુસ્તકો મનને એકાગ્રતા કરવામાં સંયમિત બનાવવાનું સાધન છે. પુસ્તકો આપણા સાચા મિત્રો છે. મહાપુરૂષોના જીવનચરિત્ર વાંચવાથી શાંતિ, સંતોષ અને જ્ઞાનરૂપી પ્રેરણા મળે છે. સારા પુસ્તકો અંધશ્રદ્ધા વહેમ કુરિવાજો વગેરે દૂર કરવા અને મુંઝવણમાંથી માર્ગ કાઢે છે. પુસ્તકો અહીસ્વ સમાન છે. સત્ય વક્તા અને સ્પષ્ટ વક્તા છે. ગાંધીજી કહેતા જ્યારે

જ્યારે મને ગુંજવણ થાય ત્યારે ત્યારે હું ગીતામાંથી માર્ગદર્શન મેળવું છુ. ઉત્તમ પુસ્તકોની ઉપકારકતા મૈત્રીનું જવલંત ઉદાહરણ છે.